**રેગ્યુલર સીવીલ અપીલ નંબર–૬૯/૨૦૨૩**

**આંક–૫ ની અરજી નીચે હુકમ**

(૧) હાલના કામે વિ.વ.શ્રી એચ.કે. દરજી મૂળ પ્રતિવાદી તરફે હાજર થયેલ છે. સામાવાળા વાદીઓને નોટીસ બજી ગયેલ છે તેમજ દરખાસ્તના કામે જંગમ વોરન્ટ કાઢવામાં આવેલ છે અને કબજો સોંપી દેવાનો હુકમ થયેલ છે તેમજ હાલની અપીલની તારીખ– ૧૫/૨/૨૦૨૪ ની છે અને હાલનું કામ બોર્ડ ઉપર લેવાની અરજી સાથે મનાઈ અરજીની તાત્કાલીક સુનાવણી માટે સામાવાળા ના વિ.વ.શ્રી એમ.જી. કુરેશીને જાણ કરવા છતાં તેઓ હાજર થયેલા નથી.

(૨) હાલના એપેલન્ટ મૂળ પ્રતિવાદી છે. મૂળ વાદીનો દાવો કે અમો વાદીની મૂળ માલીકી, કબજા ભોગવટાની મોજે સેલંબા, તા. સાગબારા, જી. નર્મદાના સરવે નંબર–૧૭ માં આવેલ પ્લોટ નંબર–૩, સીટી સરવે નંબર–૧૨૫૬ માં વાદીએ તેમની જમીન એન.એ. કરાવ્યા બે પ્લોટ પાડેલા હતા. જેમાં પૂર્વ–પશ્ચિમ ૩૦ ફુટ તથા ઉત્તર દક્ષિણ ૬૬ ફુટનો પ્લોટ હતો તેમાં બે પ્લોટ પાડીને એકનું ક્ષેત્રફળ ૩૦ ફુટ × ૫૦ ફુટ તથા બીજા પ્લોટનું ક્ષેત્રફળ ૩૦ ફુટ × ૧૬ ફુટ હતું. પ્રતિવાદીના કહેવા મુજબ પુરેપુરી જમીન એન.એ. કરાવી તેના પહેલાથી તેમની પાસે હતી અને પ્રતિવાદીઓને સને–૧૯૯૨ માં અન રજીસ્ટર્ડ એગ્રીમેન્ટથી વાદીઓના પિતાશ્રી રામચંદ્ર મરાઠેનાઓએ આપેલી હતી. પ્રતિવાદીઓના નામ ગ્રામ પંચાયતના આકારણીપત્રકમાં ચઢેલા છે.

(૩) ઉલ્લેખનીય છે કે, વિ. ટ્રાયલ કોર્ટના જજમેન્ટના મુદ્દા નંબર–૧ મુજબ શું વાદી પુરવાર કરે છે કે, વાદવાળી જગ્યા વાદીના માલીકી, કબજા ભોગવટાની છે ? તે મુદ્દાનો જવાબ 'નકાર' માં ઠરાવેલ છે. શું વાદી પુરવાર કરે છે કે, પેરા–૧ (બ) વાળી જગ્યા પ્રતિવાદીના ગેરકાયદેસર કબજા માં છે તે મુદ્દાનો જવાબ ' હકાર ' માં ઠરાવેલ છે. ત્યારબાદ ત્રીજા મુદ્દા મુજબ શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદવાળી જગ્યા પ્રતિવાદીના માલિકી, કબજા, ભોગટાની છે ? તેનો જવાબ ' નકાર' માં આપેલ છે. પ્રતિવાદી તરફે તેમના બચાવમાં કોઈ પુરાવા કે અસલ વેચાણખત રજૂ થયેલ નથી તેવું વિ. ટ્રાયલ કોર્ટે નોંધેલ છે તેમજ પ્રતિવાદી વિટનેશ બોકસમાં હાજર થયેલા નથી.

(૪) આંક–૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩ થી રજૂ થયેલ આકારણીપત્રક મુજબ પ્રતિવાદીએ મકાન બનાવેલ હોવાનું સાબિત થાય છે અને વાદવાળી જગ્યા વાદીના કબજા, ભોગવટામાં છે તે માની શકાય નહી તેવું વિ. ટ્રાયલ કોર્ટે નોંધેલ છે. તેવા સંજોગોમાં પ્રથમદર્શનીય રીતે જણાય છે કે, હાલના તબકકે પ્રતિવાદી દાવાવાળી જગ્યામાં આવેલ રહેણાંક મકાનમાં વસવાટ કરી રહયા છે. તે સંજોગો માં રેકર્ડ વંચાણે લીધા સિવાય તેમજ સામાવાળા એટલે કે વાદીને સાંભળ્યા સિવાય વધુ હુકમ થઈ શકે નહી. પરંતુ હાલના એપેલન્ટની રજુઆત મુજબ તેમની વિરૂધ્ધ જંગલ વોરન્ટ કાઢવામાં આવેલું છે. વધુમાં, તેમને હાલની અપીલના કામે સાંભળ્યા વગર વાદગ્રસ્ત મિલકતનો કબજો વાદીને સોંપી

દેવાનો દરખાસ્તમાં જે હુકમ થયેલ છે, તે હુકમની અમલવારી થાય તો હાલની અપીલનો કોઈ હેતુ સરે નહી અને તેવા સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

હાલની રેગ્યુલર સીવીલ અપીલ નંબર–૬૯/૨૦૨૩ ના કામે આંક–૫ ની અરજીમાં માંગવામાં આવેલ પેરા નંબર–૭(અ) મુજબની દાદ હાલના તબકકે મંજુર રાખવામાં આવે છે અને રે. મુ.નં. ૩/૨૦૧૨ ના જજમેન્ટ તથા હુકમને હાલના તબકકે Ad Interim હુકમ કરીને સ્થગિત રાખવામાં આવે છે અને બીજી મુદત સુધી વચગાળાનો હુકમ આપવામાં આવે છે.

વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ આવ્યા બાદ તથા સામાવાળાને સાંભળ્યા બાદ વધુ હુકમ કરવામાં આવશે.

આ હુકમની જરૂરી યાદી વિ. ટ્રાયલ કોર્ટને કરવી.

હુકમ આજરોજ તારીખ–૧૯, જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૯/૧/૨૦૨૪
સ્થળ– રાજપીપળા.

(**નેહલકુમાર રાજેશભાઈ જોષી**)
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ,
નર્મદા, મું.રાજપીપળા.
(યુ.આઈ.કોડ નં. જી.જે. ૦૧૩૧૮)